ભોજનમાં ભક્તિ ભળે તો પ્રસાદ બને, શબ્દોમાં ભક્તિ ભળે તો પ્રાર્થના બને
- મહાપ્રભુજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૬૪ | ૨૪ ઓગષ્ટ, ૨૦૧૩, શનિવાર; શ્રાવણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રાજ્ય પોલીસ વડા અમિતાભ પાઠકનું અવસાન



## હૃદયરોગનો હુમલો થતા પટાયામાં નિધન : અમિતાભ પાઠક હાલમાં પરિવાર સાથે બેંકોક ગયા હતા ટોચના અધિકારી પાઠક મૂળભૂતરીતે ઉત્તરપ્રદેશના હતા

અમદાવાદ,તા. ૨૩ ગુજરાત પોલીસના વડા ડીજીપી અમિતાભ પાઠકનું થાઈલેન્ડના પ્રવાસમાં હૃદયરોગના જોરદાર હુમલાથી અવસાર થયુ છે. તેમના અવસાનના સમાચારને એડિશનલ ડીજીપી પ્રમોદ કુમારે સમર્થન આપ્યુ છે. અમિતાભ પાઠક પરિવાર સાથે હાલમાં થાઈલેન્ડના પ્રવાસે હતા. પટાયા ખાતે છાતીમાં તીવ્ર દુખાવો તેમને થયો હતો. ગંભીર હાલતમાં બેંકોકની એક હોસ્પિટલમાં તેમને લઈ જવાયા હતા જ્યાં તેમનું અવસાન થયુ હતુ. ૧૫મી ઓગસ્ટના દિવસે ભૂજમાં આયોજિત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સ્વતંત્રતા પર્વના કાર્યક્રમમાં પણ અમિતાભ પાઠક પડી ગયા હતા. આઠમી ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે રાજ્યના ડીજીપી તરીકે ૧૯૭૭ની બેચના આઈપીએસ અધિકારી અમિતાભ પાઠકને મુકવામાં આવ્યા હતા. તેઓ એસીબીના ડાયરેક્ટર પદે પણ હતા. ગાંધીનગર રેન્જ આઈજી તરીકે પાઠકે રૂચી અપહરણ કાંડમાં તપાસ કરી હતી. સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનાર ગાંધીનગરના રૂટી અપહરણ કાંડ વખતે અમિતાભ પાઠક ગાંધીનગરના રેન્જ આઈજી હતા. તેમની તપાસ હેઠળ રૂચીનો પતો મળ્યો હતો. એસકે સાઈકિયાને અમદાવાદના પોલીસ કમિશનર તરીકે મુકવામાં આવ્યા તે પહેલા અમિતાભ પાઠક પોલીસ કમિશનર હતા. ઈન્ડિયન મુજાહિદ્દિનના આતંકવાદીઓને મુંબઈ લઈ જવાના મામલે તેઓ વિવાદના ઘેરામાં આવ્યા હતા. પાઠક છેલ્લા ઘણા સમયથી આરોગ્યની તકલીફનો સામનો કરી રહ્યા હતા. મુખ્યમંત્રી મોદીના સ્વતંત્રતા દિવસના કાર્યક્રમ દરમિયાન અસ્વસ્થ બની ગયા બાદ તેઓ

● અનુસંધાન પાના - ૬ પર

# બોરીજના બજારમાં અધિકાર રેલી અટકાવાઈ : ૧૫૦ની અટકાયત

ગાંધીનગર, તા. ૨૩ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ



ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો અંગે આજે યોજાયેલી રેલીને પોલીસે બોરીજ ગામના બજાર પાસે જ અટકાવી અને કોંગ્રેસના ૧૫૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી.

આ રેલીનું નેતૃત્વ શ્રી વિદીત ચૌધરી, શ્રી ડૉ. સી.જે. ચાવડા, શ્રી નિશીત વ્યાસ, શ્રી જશુભા રાણા, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી અંકિત બારોટ, શ્રી અશ્વિન બારોટ, શ્રી હસમુખ મકવાણા, શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ કર્યુ હતુ.

આ રેલીમાં જોડાયેલ ગ્રામીણ મહિલાઓની પણ પોલીસે અટકાયત કરી હતી. અટકાયત કરી આ કાર્યકરોને જિલ્લા પોલીસવડાની કચેરી ખાતે લઈ જવાયા હતા અને અવસર વિતે છોડી મુકાયા હતા.

કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા મામલતદારશ્રી મોદી, જિલ્લા પોલીસ વડા શ્રી સિંઘલ તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ મોટી સંખ્યામાં બોરીજ આવી પહોંચ્યા હતા. કાર્યકરોની અટકાયત કરાયા બાદ તેમણે બોરીજ છોડ્યુ હતુ.



ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારને કરાતા અન્યાય અંગે બોલતાં શ્રી હસમુખ મકવાણાએ જણાવ્યુ હતુ કે અસંખ્ય પત્રો લખી રજુઆત પછી પણ ઉકેલ ના આવતાં આંદોલનનો રાહ લેવો પડ્યો છે.

શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યુ હતુ કે કોર્પોરેશનની દરેક બેઠકોમાં ગ્રામ્ય વિસ્તારની સફાઈ અને પ્રોપર્ટી ટેક્ષના મુદ્દે રજુઆતો કરવા છતાં તંત્ર કોઈ વાત ધ્યાને લેતુ જ નથી.

શ્રી હર્ષજીત પંડ્યા અને શ્રી અંકિત બારોટે જણાવ્યુ હતુ કે

● અનુસંધાન પાના - ૬ પર

## પોલીસ અને બોરીજની મહિલાઓ વચ્ચે ઘર્ષણ

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોની સુવિધાઓ માટે ગાંધીનગર યુથ કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ. દ્વારા યોજાયેલી ગ્રામ્ય અધિકાર રેલીમાં વહેલી સવારથી જ પોલીસ ખડકી દેવાઈ હતી. સભા સંબોધન થયા બાદ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ મંજુરી ન હોવા છતાં રેલી નીકાળતા પોલીસે કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી નિશીતભાઈ વ્યાસ, ધારાસભ્ય અમિત ચૌધરી. કોર્પોરેટર હર્ષજીત પંડ્યા તથા સી.જે. ચાવડા, અંકિત બારોટ, હિમાંશુ પટેલ સહીતના આગેવાનો-કાર્યકરો મળીને ૧૦૦ થી વધુની પોલીસે અટકાયત કરી લીધી હતી. આગેવાનો-કાર્યકરોની સાથે રેલીમાં જોડાયેલા કેટલાક ગ્રામજનોને પણ ડીટેઈન કરાતા પાછળથી ગામની મહિલાઓએ રસ્તા વચ્ચે છાજીયા લીધા હતા. મહિલા પોલીસ અધિકારીઓ સાથે ઘર્ષણ પણ થયુ હતુ. પોલીસે તેઓની પણ અટકાયત કરી લીધી હતી.














